# ગુજરાત હાઈકોર્ટનો ઝટકો, હાર્દિક પટેલ ચૂંટણી નહીં લડી શકે

ગાંધીનગર

ગુજરાત કોંગ્રેસના યુવા નેતા હાર્દિક પટેલ લોકસભાની ચૂંટણી લડી શકશે નહીં. ગુજરાત હાઈકોર્ટે હાર્દિકની ચૂંટણી લડવાની અરજી ફગાવી દીધી છે.

વિસનગર કોર્ટે આપેલા સજાના ચુકાદા પર સ્ટે લાવવા માટે હાર્દિક પટેલે ગુજરાત હાઈકોર્ટમાં




અરજી કરી હતી. જેના પર આજે સુનાવણીમાં ગુજરાત હાઈકોર્ટે હાર્દિક પટેલની અરજીને ફગાવી દીધી છે. જેના કારણે હાર્દિક પટેલ આગામી લોકસભા ચૂંટણી લડી શકશે નહીં.

સરકાર તરફથી હાઈકોર્ટને ખાસ અનુરોધ કરાયો હતો કે, હાર્દિક બોલે છે ત્યારે લોકોને ભડકાવે છે અને કોમી વૈમનસ્યનું વાતાવરણ ફેલાવે છે.

લોકસભા ચૂંટણીની તારીખોની જાહેરાત બાદ પાટીદાર નેતાનું પદ છોડી હાર્દિક પટેલે રાજકારણમાં ઝપલાવ્યું છે. ૧૨ માર્ચની કોંગ્રેસની CWC બેઠકમાં હાર્કિદ પટેલ સત્તાવરા રીતે પાર્ટીમાં જોડાયો હતો.

રિપ્રેઝન્ટેશન ઓફ પિપલ્સ એક્ટ પ્રમાણે જેલની સજા ભોગવી રહેલા વ્યક્તિને ચૂંટણી લડવામાં કાયદાકીય મુશ્કેલીનો સામનો કરવો પડે છે. કોઈપણ અવરોધો વિના હાર્દિક પટેલ લોકસભા ચૂંટણી લડી શકે તે માટે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી હતી. હાઈકોર્ટે ગુજરાત સરકારના બયાનની પણ નોંધ લીધી હતી. આ અગાઉ હાર્દિક પટેલની અરજી પર સુનાવણી પહેલા જ જસ્ટિસ આર.પી ધોલરીયાએ અરજી નૉટ બીફોર મી કરી દીધી હતી અને ત્યારબાદ આ કેસ અન્ય કોઈ જસ્ટિસને ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો.

હાઈકોર્ટના ચૂકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં ન આવે તો હાર્દિક પટેલ લોકસભા ચૂંટણી નહી લડી શકે અને તે માત્ર કોંગ્રેસ માટે પ્રચારકનું કામ કરશે.

# આજે ગાંધીનગરમાં અમિત શાહ ઉમેદવારી નોંધાવશે

**ઉમેદવારી પહેલા નારણપુરા નજીક વિરાટ જનસભા યોજાશે : અમિત શાહની જનસભામાં રાજનાથસિંહ, ગડકરી, ઉદ્ધવ ઠાકરે, પ્રકાશસિંહ બાદલ, રૂપાણી સહિતના દિગ્ગજો હાજર રહેશે : ભવ્ય રોડ-શો યોજાશે**

ગાંધીનગર,તા. ૨૯

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ લોકસભાની ઉમેદવારી કરવા માટે આજે સાંજે ગુજરાત આવી ગયા છે. તેઓ ૩૦મી માર્ચે ગાંધીનગર કલેક્ટર ઓફિસમાં તેમનું ઉમેદવારી ફોર્મ ભરશે, જો કે તે પહેલાં તેઓ અમદાવાદ થી ગાંધીનગર સુધીનો લાંબો રોડ શો કરશે જેમાં કેન્દ્રીય નેતાઓ પણ ઉપસ્થિત રહેશે. તેમનો રોડ શો ચાર કિલોમીટર લાંબો હશે.




અમિત શાહ આજે સાંજે ૭.૩૦ કલાકે અમદાવાદ આવ્યા છે. તેમને લાલકૃષ્ણ અડવાણીની ગાંધીનગર બેઠક આપવામાં આવી છે. પાર્ટીના સૂત્રો કહે છે કે અમિત શાહ ત્રણ લાખ કરતાં વધુ મતોથી આ બેઠક પરથી ચૂંટણી જીતી જશે. અમિત શાહ અમદાવાદ એરપોર્ટ પર આવ્યા ત્યારે ૨૦૦૦ કાર્યકરોએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતું. એરપોર્ટ થી સીધા તેઓ તેમના નિવાસસ્થાને જશે.

ભાજપ ગુજરાત પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીએ આજે કમલમ ખાતે પત્રકાર પરિષદ યોજી હતી જેમાં

● અનુસંધાન પાન-૭ પર

## ઘ-રોડ પર ભારે પોલીસ બંદોબસ્ત

ગાંધીનગર, તા. ૨૯

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીતભાઈ શાહ ગાંધીનગર કલેક્ટર કચેરી ખાતે ઉમેદવારી પત્ર ભરવા માટે આવી રહ્યા છે ત્યારે તેમની સાથે કેન્દ્રના મંત્રીઓ અને કેટલાક રાષ્ટ્રીય નેતાઓ આવી રહ્યા હોવાથી કલેક્ટર કચેરીની આસપાસ પોલીસ દ્વારા લોખંડી બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. જિલ્લા કલેક્ટર કચેરીના ત્રણેય મજલા પર ખાસ પોલીસ પોઈન્ટ નિયત કરાયા છે. આ ઉપરાંત કલેક્ટર કચેરીની બહાર અને તેની આસપાસ ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. આજે બંદોબસ્તની સમીક્ષા માટે આઈ.જી. મયંક ચાવડા પણ જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા સાથે કલેક્ટર કચેરી આવી પહોંચ્યા હતા. જિલ્લા કલેક્ટર કચેરી ખાતે કેન્દ્રના ગૃહમંત્રી રાજનાથસિંહ, પરિવહન મંત્રી નીતિન ગડકરી, શિવસેના સુપ્રીમો ઉધ્ધવ ઠાકરે, કેન્દ્રીય મંત્રી રામવિલાસ પાસવાન સહિતના અગ્રણીઓ આવી રહ્યા છે. આમ તો ઘ-રોડ પર નીકળનારી રેલી તેમજ ગાંધીનગર ભાજપ દ્વારા રચાનારી માનવસાંકળના કાર્યક્રમને લઈ પણ પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

# શહેરમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીને પાર

**દિવસે અંગ દઝાડતો તાપ : નગરજનો બેબાકળા : ન્યુનતમ પારો પણ ૨૫ ડિગ્રીએ : સવારથી જ ગરમીનો અહેસાસ થતા નગરજનો બપોરે ઘરમાં પુરાયા**




ગાંધીનગર તા ૨૯

ગાંધીનગરમાં ઉનાળાની મોસમ નિખરી રહી છે. આજે સવારથી જ ગરમીનો મિજાજ આકરો હોવાનુ નગરજનોએ અનુભવ્યુ હતુ. ગઈકાલની સાપેક્ષમાં આજે લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો હતો ગરમીનો પારો ૪૦ ડિગ્રીને પાર પહોંચી જતા દિવસ દરમિયાન નગરજનોએ અંગ દઝાડતી ગરમીનો અહેસાસ કર્યો હતો. જયારે લઘુત્તમ તાપમાનમાં પણ ફેરફાર થતા સવારે અને રાત્રે પણ હવે નગરજનો ગરમીનો અહેસાસ કરી રહ્યા છે.

ગાંધીનગરમાં ગરમીની મોસમ નિખરી છે. રોજબરોજ ગરમીનો પારો ઉંચે ચઢતો જાય છે. આજે પણ લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો હતો. મહત્તમ તાપમાન ૪૦.૫ ડિગ્રી રહ્યુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન ૪ ડિગ્રી વધીને ૨૫ ડિગ્રી પહોંચી ગયુ હતુ. જેના લીધે સાંજના સમયે પણ નગરજનોએ ગરમી અનુભવી હતી. દિવસના અંગ દઝાડતી ગરમીની સાથે નગરજનો બેબાકળા બની રહ્યા છે. બપોરના સમયે તાપ વધુ આકરો બનતા નગરજનો હીટવેવથી બચવા માટે કામ સિવાય ઘરની બહાર જવાનુ ટાળી રહ્યા છે. ઓફિસ અને ઘરોમાં એ સી ધમધમી રહ્યા છે. જયારે દિવસ દરમિયાન નગરના માર્ગો પર ટોપી અને રૂમાલ સાથે બુકાની બાંધીને જતી મહીલાઓ પણ આકરા તાપથી બચવા માટે પ્રયાસરૂપ બની છે. દિવસના આકરા તાપ સાથે ધીમે ધીમે રાત્રિના પણ તાપમાન ઉંચકાઈ રહ્યુ છે. જેથી રાત્રિના પણ ગરમીના લીધે નગરજનો હવે ટહેલવા નિકળી પડે છે. બોર્ડ પરીક્ષા પુર્ણ થયા બાદ વેકેશનની મોસમ પણ હવે નિખરી રહી છે. ત્યારે નગરના સર્કલો અને મુખ્યમાર્ગો પર રાત્રિના સમયે ઉનાળુ રાત્રિની રોનક જામે છે. આકરી ગરમીના લીધે શહેરીજનો છાશ અને શેરીડીના રસ સહીતના ઠંડા પીણા પીવા તરફ વળ્યા છે. જેમાં આરોગ્ય માટે વિશેષ લાભદાયી છાશનુ વેચાણ પણ નગરમાં વધી ગયુ છે. હજુ તો ઉનાળાની શરૂઆત છે ત્યાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીને પાર

● અનુસંધાન પાન-૭ પર

## બે દિવસમાં ૪૯ ઉમેદવારીપત્રો ગયા પણ ભરાયા એક પણ નહિ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર લોકસભા બેઠક માટે આજે વધુ ૧૭ જેટલા ઉમેદવારીપત્ર ગયા છે આજે ભાજપના ઉમેદવાર ઉપરાંત હિન્દુસ્તાન નિર્માણદળ, ઈન્ડિયન વેપારી મંચ સહિતના પક્ષોના ટિકિટ વાંચ્છુઓ દ્વારા આ ઉમેદવારી પત્રો લઈ જવાયા છે.

ગાંધીનગર લોકસભાની ચૂંટણીમાં ૨૦૦૯ અને ૨૦૧૪માં બે ઈ.વી.એમ. બહુકોણીય જંગને લઈ ઉપયોગમાં લેવાયા હતા જે નોંધનીય છે. આ વખતનો જંગ પણ બહુકોણીય થશે તેમ મનાઈ રહ્યું છે.

છેલ્લા બે દિવસમાં ૪૯ ઉમેદવારીપત્રો ઉપડ્યા છે. હજુ ઉમિદવારી પત્ર ભરવામાં પાંચ દિવસ જેટલો સમય બાકી છે એટલે આ સંખ્યામાં વૃદ્ધિ થશે એમ મનાઈ રહ્યુ છે. જો કે આજે બીજા દિવસે પણ એક પણ ઉમેદવારીપત્ર ભરાયુ નથી.

ભારતીય જનતા પક્ષે આ બેઠક માટે તેના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહને મેદાનમાં ઉતારવાની ઘોષણા કરી દીધી છે. બીજી તરફ કોંગ્રેસ જે મુખ્ય સ્પર્ધક ગણાય છે તેના ઉમેદવારની વિધિવત ઘોષણા થઈ નથી. કોંગ્રેસ દ્વારા સોમવારે અથવા તો મંગળવારે ઉમેદવારી પત્ર ભરાશે તેમ મનાઈ રહ્યુ છે.

ગાંધીનગર બેઠક પર ૧૯.૨૦ લાખ મતદારો નોંધાયેલા છે. આ બેઠક પર રાષ્ટ્રીય નેતાઓએ જ જંગમાં ઝુકાવ્યુ હોવાથી તે સતત ચર્ચામાં રહેતી બેઠક ગણવામાં આવે છે.

## મુખ્યમંત્રી વિજય રૂપાણી સામે આચારસંહિતા ભંગની ફરિયાદ

અમદાવાદ,તા.૨૯

રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણી સામે વડોદરામાં આદર્શ ચૂંટણી આચારસંહિતા ભંગની ફરિયાદ કોંગ્રેસ દ્વારા ચૂંટણી અધિકારીને કરવામાં આવતાં ભારે ચકચાર મચી ગઈ છે. વડોદરા લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર રંજનબહેન ભટ્ટનું ઉમેદવારીપત્ર ભરવાના પ્રસંગે આજે મુખ્યમંત્રી વડોદરા આવ્યા ત્યારે સરકારી તંત્રનો દૂરપયોગ કરાયો હોવાનો આરોપ કોંગ્રેસના સ્થાનિક નેતાઓએ લગાવ્યો હતો અને આ વાતને લઈ મુખ્યમંત્રી વિરૂધ્ધ વડોદરા જિલ્લા કલેકટર અને મુખ્ય ચૂંટણી અધિકારી સમક્ષ રૂબરૂ ફરિયાદ નોંધાવી હતી. જેને પગલે કલેકટરે સમગ્ર મામલામાં યોગ્ય તપાસની હૈયાધારણ આપી હતી. આ સમગ્ર મામલે ગુજરાત

● અનુસંધાન પાન-૭ પર

## કેપિટલ સ્ટેશનમાં સ્ટેટ રેલવે પોલીસ ચોકી માટે જગ્યાનુ હજુ ઠેકાણુ પડયુ નથી

ગાંધીનગર તા ૨૯

કેપિટલ સ્ટેશન પર હાલ બ્રિજ નિર્માણ સહીતની કામગીરી ચાલતી હોવાના લીધે ટ્રેઈન સેવા બંધ છે. સ્ટેશન વિસ્તારમાં હોટલ નિર્માણનુ કામ ચાલી રહ્યુ છે. જયારે મહાત્મા મંદિર પણ નજીકમાં છે આમ છતા સલાતમીના મુદ્દે નક્કર આયોજન થતુ નથી. ગુજરાત રેલવે પોલીસને સ્ટેશન વિસ્તારમાં ચોકી કાર્યરત કરવા માટે હજુ સુધી જગ્યા પણ ફાળવવામાં આવી નથી.

કેપિટલ સ્ટેશન વિસ્તારમાં નવી ફાઈવ સ્ટાર હોટલનુ કામ પ્રગતિ હેઠળ છે. મહાત્મા મંદિરના લીધે હાઈપ્રોફાઈલ બનતા આ વિસ્તારમાં વાઈબ્રન્ટ સમિટ દરમિયાન દેશ દુનિયાના મહાનુભાવોની અવરજવર રહે છે.જયારે મહાત્મા મંદિરમાં પણ વાઈબ્રન્ટ સમિટનુ આયોજન કરવાની સાથે વર્ષ દરમિયાન પણ અનેકવિધ સરકારી તેમજ ખાનગી કાર્યક્રમો પણ યોજવામાં આવે છે. પરંતુ રેલવે સ્ટેશન વિસ્તારમાં સુવિધાઓના નામે હજુ પણ મીંડુ ચિતરાયેલુ છે. મુસાફરોને ડગલે ને પગલે હાલાકી વેઠવાનો વારો આવે છે. બીજીતરફ શહેરના એસ ટી ડેપોની જેમ રેલવે સ્ટેશનની સલામતીના મુદ્દે પણ હજુ સુધી યોગ્ય આયોજન થઈ શકયુ નથી. રેલવે સ્ટેશન પર અમદાવાદની રેલવે ડિવિઝનલ કચેરી તરફથી પોલીસ ચોકી માટે જગ્યા ફાળવવામાં આવતી નથી. હાલ આ વિસ્તારમાં હોટલની સાથે સ્ટેશનનુ પણ નવુ બાંધકામ ચાલી રહ્યુ છે. ત્યારે રેલેવે સ્ટેશનની સુવિધા તેમજ સલામતીના મામલે પણ યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે.

અમદાવાદ સહીતના અન્ય સ્ટેશનો પર પોલીસ લોક અપ સહીતની સુવિધાઓ પણ ઉપલબ્ધ છે. ત્યારે સ્ટેશન પર સ્ટેટ રેલવે પોલીસ ચોકી માટે જગ્યા ફાળવવામાં આવે અને ચોકી કાર્યરત થાય તેવી માંગ પણ ઉઠવા પામી છે. ગાંધીનગરના સ્ટેશન પર હાલ રોજબરોજ ૭ જેટલી ટ્રેઈન અવરજવર કરે છે. જો કે હાલ ટ્રેક પર બ્રિજ નિર્માણની કામગીરીને અનુલક્ષી કામ ચાલતુ હોવાથી એક મહીના સુધી તમામ ટ્રેઈન સેવા બંધ રહેતા રેલયાત્રિકોને ગાંધીનગર સ્ટેશનથી એક પણ ટ્રેઈન નસીબ થતી નથી. જેના લીધે હાલ ટ્રેઈન સેવા માટે યાત્રિકોએ અમદાવાદ સુધી લાંબા થવુ પડે છે. સ્ટેશન પર નવી ટ્રેઈનો દોડતી થવાની સાથે મુસાફરલક્ષી જરૂરી સુવિધાઓ તેમજ સલામતીના મુદ્દે પણ યોગ્ય આયોજન થાય તે પણ અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ




સ્વ. નટવરલાલ માધવલાલ ત્રિવેદી
સ્વ. તા. ૩૦-૩-૨૦૧૮

નથી સાથે પણ હયાતી લાગ્યા કરે છે, હંમેશા આપનો સાથ સ્પર્શે છે અને અવાજ કાનોમાં ગુંજે છે... દૃષ્ટિ સામે તમારો ચહેરો અને વ્યક્તિત્વ અમારી શક્તિ પ્રબળ બનાવી નવા જીવનપથનું સિંચન કરે છે. તમારી ખોટની પૂર્ણતા આશીર્વાદ સ્વરૂપે અમારી સાથે છે.

પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના....

લિ.
ગં.સ્વ. કલાબેન નટવરલાલ ત્રિવેદી
વિજય નટવરલાલ ત્રિવેદી — નેહલ વિજય ત્રિવેદી
શ્લોક વિજય ત્રિવેદી — મૃણાલી વિજય ત્રિવેદી
ફર્મ :
Beget Computers
F-108, Megh Malhar Complex, Sec-11, Gandhinagar • Mo. 98240 51320

હાર્દિક શુભકામના



માનનીયશ્રી અમિતભાઈ શાહ
રાષ્ટ્રીય અધ્યક્ષ, ભારતીય જનતા પાર્ટી
ગાંધીનગર લોકસભા બેઠક પરથી આપ વિક્રમજનક સરસાઈથી જ્વલંત વિજય મેળવો એવી શુભેચ્છાઓ...

નિલાબેન એમ. શુક્લ
કોર્પોરેટર
વોર્ડ-૪, ગાંધીનગર મહાનગરપાલિકા
ઉપપ્રમુખ : નરેન્દ્ર મોદી વિચાર મંચ, ગાંધીનગર જિલ્લા
પ્રમુખ : સહેલી જાયન્ટ્સ ઈન્ટરનેશનલ, ગાંધીનગર જિલ્લા
કો-ઓર્ડિનેટર : સામાજીક પ્રવૃત્તિ, એએફએસ ગાંધીનગર

પંકજકુમાર શુક્લ
પૂર્વ પ્રમુખ : શ્રી સમસ્ત બ્રહ્મસમાજ, ગાંધીનગર
મેનેજીંગ ડિરેક્ટર - ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com